# જોઈએ છે

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન ગ્રામ નિર્માણ કેળવણી મંડળ સંચાલિત નૂતન ગ્રામ વિદ્યાપીઠ-થવામાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા તા.27/12/2024 ના રોજ મળેલ એન.ઓ.સી. ક્રમાંક: ગ્રા.વિ./NOC/24-25/794-96 શ્રમ સંયોજક ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | શૈક્ષણિક લાયકાત | કેટેગરી | પગાર ધોરણ | વય મર્યાદા |
|---|---|---|---|---|---|---|
| 1 | શ્રમ સંયોજક | 1 (એક) | બી.આર.એસ. પ્રથમ વર્ગ અથવા બી.એસ.સી. (એગ્રી.) પ્રથમ વર્ગ | બિન અનામત | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર પ્રથમ પાંચ વર્ષ માટે રૂ.31340/- ફિક્સ પગાર મળવાપાત્ર થશે. | 35 વર્ષ |

વધુ વિગતો તેમજ લેખિત પરીક્ષાની પદ્ધતિ, અભ્યાસક્રમ, જગ્યાની શૈક્ષણિક લાયકાત, ગ્રામ વિદ્યાપીઠના કર્મચારીઓ માટેની આચાર સંહિતા તેમજ અન્ય નિયમો, શરતો સંસ્થાની વેબસાઈટ www.ngvthava.ac.in પર જોઇને સંપૂર્ણ વિગતો ધ્યાને લઈ અરજી કરવાની રહેશે. સંબંધિત જગ્યાને અનુરૂપ જાહેરાત મુજબની લાયકાત અને વય મર્યાદા ધરાવતાં ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૧૫માં તમામ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સાથે રજીસ્ટર એ.ડી.થી નીચેના સરનામે મળે તે રીતે અરજી કરવાની રહેશે. સરકારશ્રીની ગ્રામવિદ્યાપીઠો માટેની આચારસંહિતા પ્રમાણે નિમણૂંક પામનાર કર્મચારીએ ફરજીયાત કેમ્પસમાં રહેવાનું રહેશે. લેખિત પરીક્ષા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોની યાદી અને સમયપત્રક માટે વેબસાઈટ www.ngvthava.ac.in જોતા રહેવું.

ઉમેદવારે અરજી સાથે 100 રૂપિયા પ્રોસેસિંગ ફી નો ડી.ડી. આચાર્યશ્રી નૂતન ગ્રામ વિદ્યાપીઠ - થવાના નામનો જોડવાનો રહેશે અથવા સંસ્થામાંથી રૂબરૂ જમા કરી પાવતી મેળવી અરજી સાથે પાવતી જોડવાની રહેશે. નિયત ફી વગરની અરજી રદ કરવામાં આવશે.

અરજી કરવાનું સરનામું

આચાર્યશ્રી

નૂતન ગ્રામ વિદ્યાપીઠ-થવા

મુ.પો. થવા, તા. નેત્રંગ, જિ. ભરૂચ – 393130

આચાર્ય

નૂતન ગ્રામ વિદ્યાપીઠ-થવા

તા.નેત્રંગ, જિ.ભરૂચ

પીન: ૩૯૩૧૩૦

Scanned by CamScanner

❖ ભરતીના નિયમો :

1. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના પ્રવર્તમાન નિયમોને આધારે ભરતી કરવામાં આવશે.
2. પ્રવર્તમાન નિયમાનુસાર બિન શૈક્ષણિક જગ્યા હોઇ મહિલાઓને વધારાના પાંચ વર્ષની છૂટછાટ મળવા પાત્ર છે.
3. ઉમેદવારે શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ અરજી કરવાની રહેશે.
4. ગ્રામવિદ્યાપીઠો માટેની આચાર સંહિતાનો અભ્યાસ કરી તે પ્રમાણેની તૈયારી હોય તે જ અરજી કરે.
5. ઉમેદવારે કરેલ અરજીની કોઈપણ વિગતો ખોટી કે ક્ષતિયુક્ત માલૂમ પડશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.
6. ઉમેદવારે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.13/08/2008 તથા તા.18/03/2016 ના સરકારી ઠરાવ ક્રમાંક:સીઆરઆર/10/2007/120320/ગ.પ.થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કમ્પ્યુટર અંગેનું બેજીક જ્ઞાન ધરાવતા હોવા અંગેનું માન્ય તાલિમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીપ્લોમા/ડીગ્રી કે સર્ટિફિકટે કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ - 10/12માં કમ્પ્યુટર એક વિષય તરીકે હોવા જોઈએ. આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ, આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કમ્પ્યુટર બેજીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતા પહેલા અચૂક રજૂ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક સત્તાઅધિકારી આવા કિસ્સામાં ઉમેદવારી પસંદગી "રદ" કરી શકશે.
7. મેરિટ યાદીના આધારે પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંકની પૂર્વ મંજૂરી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી પાસેથી મેળવ્યા બાદ જ નિમણૂંક હુકમ આપવામાં આવશે.
8. નાણાં વિભાગના તા.18/01/2017 ના ઠરાવ ક્રમાંક:ખરચ/2002/57/પાર્ટ 2/ઝ 1 ની જોગવાઈ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે ફિક્સ પગાર મળવાપાત્ર થશે. તે સિવાય વધારાના કોઈ ભથ્થા મળવાપાત્ર થશે નહિ.
9. ઉમેદવારે અજમાયશી સમયગાળા દરમિયાન સા.વ.વિ. ના તા.30/09/2006ના ઠરાવ ક્રમાંક::પરચ/102005/1532/ક ની જોગવાઈઓ મુજબ કમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની રહેશે.
10. આ એન.ઓ.સી. મુજબની સંબંધિત જગ્યા સીધી ભરતીથી ભરવાની હોઈ શારીરિક યોગ્યતા, ચારિત્ર્ય સંબંધિત તપાસ, નાગરિકત્વ સંબંધિત શરતો, અજમાયશી સમયગાળા અંગેની શરતો, નિયોક્તાની પૂર્વ સંમતિ, નિમણૂંક બાદ ખાતાકીય પરીક્ષા વગેરે સંબંધે સંસ્થા/યુનિવર્સિટી/રાજ્ય સરકારમાં જોગવાઈ કરવામાં આવેલ ન હોય તો, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-1969ના ભાગ-03 અને ભાગ-04 માં દર્શાવ્યા મુજબ યથાયોગ્ય રીતે લાગુ કરવાના રહેશે.

Scanned by CamScanner

11. પાંચ વર્ષ માસિક ઉચ્ચક પગારની નોકરી પૂર્ણ થયે તેમની કામગીરીની સમીક્ષા કર્યા પછી યોગ્ય જણાયેથી મંજૂર થયેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારમાં નિમણૂંક આપવામાં આવશે. પરંતુ આવા ઉમેદવારે અગાઉ કરેલ પાંચ વર્ષની નોકરી સેવા વિષયક કોઈપણ હેતુ અર્થે ધ્યાને લેવામાં આવશે નહિ. તેમજ મંજૂર પગાર ધોરણવાળી નોકરી સાથે જોડવામાં આવશે નહિ.

12. આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને નિયત પગારમાં સમાવ્યા તારીખથી સરકારશ્રીના નાણા વિભાગના તા.18/03/2005 ના ઠરાવ ક્રમાંક નપન-2003-જીઓઆઈ-10-પી તથા તેને આનુષાંગિક ઠરાવોને આધીન નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પાડવામાં આવશે.

13. જો ગ્રામ વિદ્યાપીઠમાં સંખ્યા ઘટે અથવા અન્ય કોઈ કારણસર ગ્રામ વિદ્યાપીઠ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણૂંક પામેલા કર્મચારીઓને છૂટા કરવામાં આવશે અને તેને ફાજલનું રક્ષણ મળી શકશે નહિ.

14. આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને સમાન સંવર્ગ અધિકારી/કર્મચારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં જે સમય નિયત હોય તે પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઇવેટ પ્રેક્ટીસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકશે નહિ. જાહેર રજાના દિવસોએ પણ સરકારની/સંસ્થાની કામગીરીની જરૂરિયાતોને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

15. આ જગ્યા હેઠળ નિમણૂંક પામનારને પાંચ વર્ષ દરમ્યાન વાર્ષિક ધોરણે 12 પરચૂરણ રજા, જાહેર રજા અને સરકાર દ્વારા માન્ય સિવાયની રજા મળવા પાત્ર થશે નહિ. તે સિવાય અન્ય રજા ભોગવશે તો રજાના પગારની કપાત કરવાની રહેશે. મહિલા કર્મચારીઓના રજાના નિયમો મુજબ પ્રસૂતિ રજાઓ મળવા પાત્ર થશે.

16. આ જગ્યા પર નિમણૂંક પામનારે ગ્રામવિદ્યાપીઠ સંસ્થાના કેમ્પસ પર ફરજીયાત રહેવાનું રહેશે. અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહિ.

17. આ જગ્યા પર નિમણૂંક પામનારે સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા તા.21/04/94ના ઠરાવથી ગ્રામ વિદ્યાપીઠોના કર્મચારી માટે નિયત થયેલ આચાર સંહિતાનું પાલન કરવાનું રહેશે. તેમજ તે માટેનું બાંહેધરી પત્ર નિમણૂંક મેળવતા પહેલા આપવાનું રહેશે.

18. નિમણૂંક પામેલ કર્મચારીની અસંતોષકારક કામગીરી કે અશિસ્તના કિસ્સામાં સંચાલક મંડળ દ્વારા સંલગ્ન યુનિવર્સિટી/રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર કાર્યવાહી જે તે કક્ષાએથી જરૂરી મંજૂરી/પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ કરી શકાશે.

19. પાંચ વર્ષના સમયગાળાના ઉચ્ચક વેતનથી નિમણૂંક પામેલ કર્મચારીને સંસ્થાના મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહિ.

20. સરકારશ્રી તરફથી વહિવટી હિતમાં બીજી કોઈ પણ જરૂરી શરતો નક્કી થાય તે બંધન કર્તા રહેશે.

21. સરકારશ્રીની ભરતી માટે કોઈપણ વિભાગ દ્વારા ગેરલાયક ઠરેલ ઉમેદવારો અરજી કરી શકશે નહિ.

22. ભરતી પ્રક્રિયા અંગે રાજ્ય સરકાર જે નિયમો ઘડે તે બંધનકર્તા રહેશે.

Scanned by CamScanner

23. નિયત શૈક્ષણિક લાયકાત, ફી સિવાયની અને સમયમર્યાદા પછી આવેલ અરજી ગ્રાહ્ય રહેશે નહિ.
24. ઉપરોક્ત તમામ શરતો નિમણૂંક પામનાર કર્મચારીને સ્વીકાર્ય છે તે અંગેનું પ્રમાણપત્ર સંસ્થાને આપવાનું રહેશે.
25. શ્રમ સંયોજક જગ્યા માટે શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.05/07/2017ના ઠરાવ મુજબની શૈક્ષણિક લાયકાત ઉમેદવારની પસંદગી લેખિત પરીક્ષા અને ગૌણ સેવાના નિયમોને આધારે લઈ પરીક્ષાના મેરીટને આધારે કરવામાં આનશે.

## ❖ વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત :

| ક્રમ | જગ્યાનું નામ | વયમર્યાદા | લાયકાત |
|---|---|---|---|
| 1 | શ્રમ સંયોજક : | 18 વર્ષથી ઓછી નહિ અને 35 વર્ષથી વધુ નહિ. | બી.આર.એસ. પ્રથમ વર્ગ અથવા બી.એસ.સી. (એગ્રી.) પ્રથમ વર્ગ. |

નોંધ ::

1. ઉપર દર્શાવેલ ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઈઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.
2. ઉપલી વયમર્યાદા માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-1967 તેમજ ભરતી નિયમોમાં દર્શાવેલ જોગવાઈ અને સામાન્ય વહીવટ વિભાગના તા. 29/09/2012 અને તા. 06/10/2015 ના ઠરાવ ક્રમાંક:: સીઆરઆર/112008/282323/ગ-5 ની જોગવાઈઓ અને તે અન્વયે થયેલ સુધારાને ધ્યાને લેવામાં આવેલ છે. તેમજ જાહેરાત પ્રસિદ્ધ થયા સુધીના સરકારશ્રીના સુધારાને ધ્યાનમાં રાખવામાં આવશે.

## ❖ વય મર્યાદામાં છૂટછાટ :

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967, સામાન્ય વહિવટ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓને અનુસરવામાં આવશે.

## ❖ રાષ્ટ્રીયતા :

ઉમેદવારે ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967 ના નિયમ -7ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઈએ.

## ❖ પગાર ધોરણ :

નાણાં વિભાગના તા.16/02/2006, તા.29/04/2010 અને તા.06/10/2011 તા. 20/10/2014 ના ઠરાવ ક્રમાંક : ખરચ-2002-57-ઝ-1 તેમજ તા.20/10/2015ના ઠરાવ ક્રમાંક: ખરચ-2002-57-

Scanned by CamScanner

(પાર્ટ-2)-ઝ-1 તથા છેલ્લે નાણાં વિભાગના તા.18/10/2023 ના ઠરાવ ક્રમાંક : ખરચ-2002-57-(પાર્ટ-4)-4 -1 અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિક્સ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદ્દુપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા.23-10-2015 ના ઠરાવ ક્રમાંક – સીઆરઆર-11-2015 -312911-ગ 5 અને - નાણાં વિભાગના તા. 28-03-2016 ના તરવ ક્રમાંક: ખરચ-2002-57-(પાર્ટ-3)/ઝ-1 તા. 18/01/2017 તથા 18/10/2023માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધીન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેલી સબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રી નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં આ બાબતે નામદાર સુપ્રિમકોર્ટમાં દાખલ થયેલ SLP No.14124/2012 અને SLP No.14125/2012 ના આખરી ચુકાદાને આધીન રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ |
|---|---|---|
| 1 | શ્રમ સંયોજક | પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિક્સ પગાર - રૂ. 31,340/- |

## ❖ પરીક્ષા પદ્ધતિ :

રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.08/11/2023ના ઠરાવ ક્રમાંક ભરત/102023/63897/ક થી સીધી ભરતીથી ભરવા જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પદ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં MCQ-OMR લેખિત પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષાના પ્રશ્નપત્રમાં Part-A અને Part-B એમ બે ભાગમાં લેવામાં આવશે.

PART - A

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| 1 | તાર્કિક તથા Data Interpretation ને લગતા પ્રશ્નો | 30 |
| 2 | ગાણિતિક કસોટીને લગતા પ્રશ્નો | 30 |
| | કુલ ગુણ | 60 |

PART - B

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| 1 | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સનને લગતા પ્રશ્નો | 30 |
| 2 | સબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | 120 |
| | કુલ ગુણ | 150 |

Scanned by CamScanner

| ક્રમ | PART – B નું માળખું | ગુણ |
|---|---|---|
| | જનરલ વિભાગ ( સામાન્ય જ્ઞાન) | 30 |
| 1 | 1. ગુજરાતનો ઈતિહાસ<br>2. ભૂગોળ અને સંસ્કૃતિ<br>3. ભારતનું બંધારણ<br>4. રમત ગમત<br>5. ટેસ્ટ ઓફ રિઝનીગ<br>6. પર્યાવરણ<br>7. જાહેર વહીવટ<br>8. સરકારી યોજનાઓ<br>9. પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ<br>10. ગાણિતિક કસોટીઓ<br>11. ગુજરાતી સાહિત્ય અને વ્યાકરણ , અંગ્રેજી વ્યાકરણ | |
| 2 | સબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | 120 |
| | કુલ ગુણ | 150 |

.

1. Part - A માં કુલ 60 પ્રશ્નો અને Part - B માં કુલ 150 પ્રશ્નો એમ કુલ 210 પ્રશ્નો પૂછવામાં આવશે. Part - A અને Part - B બંને માટે સંયુક્ત રીતે કુલ 3-00 કલાક (180 મિનિટ) નો સમય મળવાપાત્ર રહેશે.
2. Part - A અને Part - B નું સ્વતંત્ર(અલાયદું) Qualifying Standard રહેશે.
3. ઉમેદવારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. ખોટા જવાબદીઠ, છેકછાક વાળા કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલ હોય કે જવાબ ન આપેલ હોય તેના મેળવેલ ગુણમાંથી 0.25 ગુણ કમી કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કિંગ પદ્ધતિ અપનાવવામાં આવશે. જવાબ આપવા માંગતા નથી નો પાંચમો વિકલ્પ “E” Not attempted રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નના જવાબ ન આપવા ઇચ્છતા હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે અને તેના માટે કોઈ નેગેટીવ માર્ક્સ લાગુ નહી પડે.
4. સ્પર્ધાત્મક પરીક્ષા Part - A અને Part - B બંને માટે Qualifying Standard 40% રહેશે. તેથી, ઓછું Qualifying Standard નક્કી કરવામાં આવશે નહિ.
5. સ્પર્ધાત્મક પરીક્ષાના Part - A અને Part - B ના બંનેના કુલ ગુણ 210 માંથી સૌથી વધુ ગુણ (પરંતુ, બંનેમાં 40% ગુણ હોવા જરૂરી છે.) હશે તેવા ઉમેદવાર પસંદગીને પાત્ર બનશે. તેનાથી બીજા ક્રમના પ્રતિક્ષા યાદીમાં રહેશે.

Scanned by CamScanner

## ❖ પસંદગી/પ્રતીક્ષા યાદી તૈયાર કરવાની પદ્ધતિ :

ઉમેદવારોએ ઉક્ત સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટના આધારે પસંદગી/પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

## ❖ સામાન્ય સૂચનાઓ :

1. ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણત્રોને ચકાસણી સમયે રજૂ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે તે તબક્કે " રદ" ગણવામાં આવશે.

2. તમામ જરૂરી સૂચનાઓ નૂતન ગ્રામ વિદ્યાપીઠ-થવાની વેબસાઇટ www.ngvthava.ac.in ઉપર મૂકવામાં આવશે.

3. સંસ્થા જે કોઈ ઉમેદવારને (1) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, ટ્રસ્ટનાં અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (2) બીજાનું નામ ધારણ કરવા માટે (3) બીજા પાસે પોતાનું નામ ધારણ કરવા માટે (4) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (5) યથાર્થ અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (6) પરીક્ષા માટે તેની ઉમેદવારી સંબંધમાં અન્ય કોઈપણ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (7) પરીક્ષા દરમિયાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિ પૈકી કોઈપણ આચરવા માટે (8) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (9) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે (10) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (11 ) પૂર્વવર્તિત ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (12) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તપ તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ)(1) મંડળ સીંધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (2) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે બાકાત કરી શકશે.(13) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ

Scanned by CamScanner

ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

4. ગુજરાત સરકાર દ્વારા જાહેર પરીક્ષામાં થતી ગેરરીતિ તથા પ્રશ્નપત્રો લિંક અથવા બાબતનો Gujarat Public Examination(Prevention of Unfair Means) Act. માર્ચ-2023 થી અમલી કરેલ છે. આથી, સંસ્થા દ્વારા આયોજિત તમામ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાઓને જાહેર પરીક્ષાઓ તરીકે ગણવાની થતી હોવાથી સદર અધિનિયમ મંડળની પરીક્ષાઓમાં પણ લાગુ પડે છે. આથી ઉક્ત તમામ જાહેરાતોની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં જો કોઈ પણ ઉમેદવાર Gujarat Public Examination (Prevention of Unfair Means) Act. માર્ચ-2023 ની જોગવાઈઓનો ભંગ કરતો જણાઈ આવશે અને તેમાં કસૂરવાર સાબિત થશે તો તેની સામે સદર અધિનિયમમાં દર્શાવ્યા મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

5. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમિયાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંસ્થા દ્વારા " રદ" કરી શકાશે. તેમજ પસંદગી/નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, મંડળ/નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબક્કે " રદ" કરવામાં આવશે.

6. સંસ્થા દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હકક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેરવાને નિમણૂંક આપવામાં આવશે.

7. પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

8. ભરતી પ્રકિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી સામાન્ય નિયમો- 1967 (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

આ જાહેરાત તથા ભરતી પ્રકિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાનો સંસ્થાને સંપૂર્ણ અધિકાર રહેશે.

આચાર્ય
નૂતન ગ્રામ વિદ્યાપીઠ-થવા
તા.નેત્રંગ, જિ.ભરૂચ
પીન: ૩૯૩૧૩૦

Scanned by CamScanner